**DATE: 17/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભાવેશ નગરમાં દરોડો, રોકડા 48 હજાર મળી 12 લાખનો મુદ્દામાલ જપ્ત

# BJPની મહિલા આગેવાનના પતિ સહિત સાત જુગારિયા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભાજપની એક મહિલા આગેવાનના પતિ સહિત 6 જણાએ ઝાડેશ્વરના ભાવેશ નગર ખાતે રહેતાં મિત્રના ઘરમાં શ્રાવણિયા જુગારની મહેફિલ જમાવી હતી. એલસીબીની ટીમે સ્થળ પર દરોડો પાડી મહિલા આગેવાનના પતિ તેમજ મકાન માલિક સહિત 7 જણાને ઝડપી પાડી રોકડા 48 હજાર, બે વાહન તેમજ 6 મોબાઈલ મળી કુલ 12 લાખથી વધુનો મુદ્દામાલ ટીમે જપ્ત કર્યો હતો. ટીમે તમામ વિરૂદ્ધ સી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી છે.



ભરૂચના ઝાડેશ્વર ગામે આવેલાં ભાવેશ નગર ખાતે રહેતાં જીગર માવજી પરમારને ત્યાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની ચોક્કસ બાતમી એલસીબીના એએસઆઈ બાલુભાઈ તેમજ હે.કો. ગણપતસિંહને મળી હતી. જેના પગલે એલસીબીની ટીમે સ્થળ પર પહોંચી ઘરને ચારેય તરફથી ઘેરી લઈ અંદર પ્રવેશ કરતાં 7 જણા કુંડાળું વળી જુગાર રમતાં ઝડપાયાં હતાં. પોલીસની પુછપરછમાં તેમના નામ યુવરાજસિંહ, અર્જૂનસિંહ સિંધા, કૃણાલ ચંદુ બારોટ, ભાવિક જગદિશ ચૌટલિયા, ભાવિક દિપક જૈન, જયનિક જયંતી શાહ તેમજ જીગર માવજી પરમારની ધરપકડ કરી પોલીસે તેમની પાસેથી અંગઝડતીના તેમજ દાવપર લાગેલાં રૂપિયા મળી કુલ રોકડા 48 હજાર, બે વાહન તેમજ 6 મોબાઈલ મળી કુલ 12 લાખથી વધુનો મુદ્દામાલ ટીમે જપ્ત કર્યો હતો.

**DATE: 17/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## ભરણ ગામેથી રૂ.11 લાખનો દારૂ પકડ્યો હતો

# ભરૂચ LCB એ 6 મહિનાથી વૉન્ટેડ આરોપીને ઝડપ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગણનાપાત્ર ગુનામાં એક લિસ્ટેડ બુટલેગર 6 મહિનાથી વોન્ટેડ હતો.આ આરોપીને ભરૂચ LCBની.ટીમ ઝડપી પાડ્યો છે.

ભરૂચ જિલ્લામાં અનેક ગુનાઓ વોન્ટેડ આરોપીઓ પોલીસ પકડમાંથી નાસતા-ફરતા હોય છે.આવા આરોપીઓને પણ પકડવા પોલીસ આકાશ પાતાળ એક કરી નાખતી હોય છે.ત્યારે ભરૂચ એલ.સી.બી ના પોલીસ ઇન્સપેક્ટર કે.ડી.મન્ડોરાએ જિલ્લા એસપી ડો.લીના પાટીલના માર્ગદર્શન હેઠળ આવા આરોપીઓને ઝડપી પાડવા તેમની ટીમોને સૂચનાઓ આપી હતી.ભરૂચ LCBની ટીમે ગઈ 28 મી ફેબ્રુઆરી 2022ના રોજ અંકલેશ્વર તાલુકાના ભરણ ગામે રેઈડ કરી હતી.પોલીસે સ્થળ પરથી વિદેશીદારૂની બોટલ નંગ -10,800 કિ રૂ 11,01,600 નો મુદામાલ પકડી અંકલેશ્વર રૂરલ પો.સ્ટે ગુનો દાખલ કરાયો હતો.જ્યારે આરોપી નહિ મળી આવતા તેને વોન્ટેડ જાહેર કર્યો હતો.જોકે LCB ની ટીમે રેઈડ કર્યા બાદ આ કામનો લીસ્ટેડ બુટલેગર મુકેશ અર્જુનભાઈ વસાવા રહે,ગામ-ભરણ નવા ફળીયા,અંકલેશ્વરનો છેલ્લા 6 મહિનાથી ભાગતો ફરતો હતો. જેની ભરૂચ એલ.સી.બી ની ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે,આ ગુનાનો વોન્ટેડ આરોપી અંકલેશ્વર તાલુકાના ભરણ ગામે આવ્યો છે.સદર માહિતીના આધારે પોલીસે તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી આરોપી મુકેશ વસાવાને ઝડપી પાડ્યો હતો.LCB ટીમે આરોપીને વધુ તપાસ અર્થે અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે સોંપ્યો છે.

**DATE: 17/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાં જુગાર રમતા 5 જુગારી ઝડપાયા

અંકલેશ્વર | અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ તેમના વિસ્તારમાં દારૂ -જુગારની પ્રવૃતી ડામી દેવા પેટ્રોલીંગ હતી.તે સમયે બાતમીદારની માહિતી મળી હતી કે,સારંગપુર ખાતે આવેલ શાંતીનગર-1 ના રેલ્વે પાટા નજીક સ્ટ્રીટ લાઈટના અજવાળે ખુલ્લી જગ્યામાં કેટલાક જુગારીઓ જુગાર રમી રહ્યા છે. આ માહિતીના આધારે પી આઈ આર.એન.કરમટીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.સી.ચૌધરી અને સ્ટાફના માણસો માહિતી વાળી સ્થળે પહોંચી જુગારીઓને ચારેય બાજુ પરથી ઘેરીને પાંચ ઈસમોને રોકડા રૂપિયા 16,180 સાથે પકડી પાડ્યાં હતા. પોલીસે સ્થળ પર થી મહેબૂબ ખાન મહેમુદખાન ખાન, અર્જુન વણઝારા, વિજય રામલછ્છન ગુપ્તા,રાજેશ પ્રસાદ અને આશિષ સુરેશચંન્દ્ર જાતે તિવારી ની ધરપકડ કરી હતી.

**DATE: 18/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

ઇન્ફિનિટી કંપનીમાં 8 મહિનાથી ડ્રગ્સ બનાવવાનો કારસો ચાલતો હતો, ડ્રગ્સ બનાવવા ઉપયોગી મુખ્ય મટિરિયલ ભેજાબાજો મુંબઈથી લાવતાં હતાં

**નશાના નેટવર્કમાં ચોંકાવનારા ખુલાસા**

# કંપનીના ચાર ભાગીદારો પૈકીનો ચિંતન ફાઈનાન્સનું જોતો હતો, દિક્ષિત ડ્રગ્સ બનાવનારો માસ્ટર માઈન્ડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાની અંકલેશ્વર-પાનોલી જીઆઈડીસી કેમિકલ હબ તરીકે પ્રખ્યાત છે. અંકલેશ્વર, પાનોલી તેમજ જંબુસરમાં ડ્રગ્સ બનાવવાના કારસાઓને પોલીસે અગાઉ ઝડપી પાડી છે. ત્યારે પનોલીની ઈન્ફિનિટી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કંપનીમાં ભરૂચ જિલ્લાના ઇતિહાસના સૌથી મોટુ ડ્રગ્સ બનાવવાની કારસાનો પર્દાફાશ થયો છે. મુંબઈ ANC (એન્ટી નાર્કોટિક્સ સેલ) ટીમે પનોલીની ઈન્ફિનિટી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કંપનીમાંથી 1026 કરોડની મત્તાનો કુલ 513 કિલો ડ્રગ્સ જથ્થો જપ્ત કર્યો હતો. મુંબઈની ટીમ સાથે ભરૂચ એસઓજીની ટીમ પણ જોડાઈ હતી. દરમિયાનમાં ભરૂચ પોલીસની ટીમે કંપનીના દસ્તાવેજ પુરવા જોતાં તેમાં કેમિકલના જથ્થાની આવક-જાવકની નોંધના આધારે કંપનીમાં ડ્રગ્સનો વધુ જથ્થો હોવાની શક્યતાઓને આધારે એસઓજીની ટીમે પણ કંપનીમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

જેના આધારે એસઓજી, એલસીબી તેમજ અંકલેશ્વર રૂરલ પોલીસ દ્વારા કંપનીમાં સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં કંપનીના પહેલાં માળ પર આવેલી IPQC લેબમાં પહેલાં ડ્રાયર મશીનમાં તપાસ કરતાં 48 રેકમાં સુકવેલાં ડ્રગ્સનો બદામી કલરનો ગાંગડા તેમજ ભુકો મળી આવ્યો હતો. તે સાથે અન્ય જથ્થો પણ મળ્યો હતો. જે બાદ એપીઆઈ-1 એરિયામાંથી પણ જથ્થો મળ્યો હતો. ઉપરાંત બિલ્ડીંગની બાજુમાં બીજા બિલ્ડીંગમાં યુટીલીટી (RND) રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ લેબમાંથી પણ મોટો જથ્થો મળી એસઓજીની ટીમે કુલ 1300 લીટર લિક્વીડ ફોર્મમાં એમડીનો જથ્થો જ્યારે 83 કિલો પાવડર ફોર્મમાં એમડીનો જથ્થો મળી કુલ 1383 કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું.

ટીમે કંપનીના ચાર ભાગીદાર પૈકીના ચિંતન પાનસેરિયા તેમજ જયંત તિવારી નામના શખ્સની ધરપકડ કરી તેમની પુછપરછ હાથ ધરી હતી. જેમાં ચિંતન પાસેરિયા



ભરૂચ પોલીસે ઇન્ફિનિટી કંપનીમાંથી 1380 કરોડ ડ્રગ્સ જપ્ત કર્યો.

ડ્રગ્સના સમગ્ર કારસાથી વાકેફ હોવા સાથે ફાયનાન્સની વ્યવસ્થા કરતો હોવાનું માલુમ પડ્યું હતું. જ્યારે જયંત પણ સક્રિય ભૂમિકામાં હતો. તે મુંબઈ તેમજ અન્ય સ્થળેથી ડ્રગ્સ બનાવવા માટે વપરાતાં મટિરીયલ્સની ખરીદી કરતો હતો. જ્યારે જયંતના મામા દિક્ષિત કંપનીમાં ભાગીદાર હોવા સાથે તેણે બીએસસી કર્યું હોઇ તે ડ્રગ્સ બનાવવાનો માસ્ટર માઈન્ડ હતો. જોકે, મુંબઈ ANCની ટીમે દરોડો પાડ્યાં બાદ તેની પણ ધરપકડ કરી સાથે લઇ ગઈ હતી.

## અગાઉ પાનોલી, અંકલેશ્વર અને જંબુસર ખાતેથી ડ્રગ ઉત્પાદન ઝડપાયું હતું

પાનોલી ખાતે 10 વર્ષ પહેલાં મીરા ઓર્ગેનિક કંપનીમાં પણ એમ.ડી.ડ્રગ (મ્યાઉ મ્યાઉ) ઝડપાયું હતું. જેના તાર સેલવાસ ખાતે જોડાયા નીકળ્યા હતા. જે બાદ બે વર્ષ પૂર્વે અંકલેશ્વર જીઆઈડીસીની જીતાલી ગામની સીમમાં આવેલ ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં પણ એમ.ડી.ડ્રગનું ઉત્પાદનનો કારસો જિલ્લા પોલીસે ઝડપી પાડ્યો હતો. જ્યારે ગત વર્ષે જંબુસર તાલુકાના સિગામ ખાતે ફાર્મહાઉસમાં મેફેડ્રોન ડ્રગ્સ બનાવવાની ફેક્ટરી ઝડપાઈ હતી.

## કંપનીની શરૂઆત વર્ષ 2017 માં થઇ હતી

પાનોલી જીઆઈડીસીમાં આવેલી ઈન્ફિનિટી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કંપની રૂપિયા 442 લાખમાં વર્ષ 2017માં શરૂ રહી હતી. 5 એક સિન્થેટિક ઓર્ગેનિક કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં દવાઓ અને ડાય ઈન્ટરમીડિયેટનું ઉત્પાદન કરવાનું હતું.

## ડ્રગ્સનો કારોબાર આંતરરાજ્ય સુધી સીમિત હતો કે ઇન્ટરનેશનલ હતો તેની તપાસ થશે

પનોલીની ઈન્ફિનીટી રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ કંપનીના તાર મુંબઈ સુધી જોડાયેલાનું સ્પષ્ટ છે, ત્યારે કંપનીમાં જ ડ્રગ્સનું ઉત્પાદન થતું હોવાને કારણે આ આંતર રાજ્ય ડ્રગ્સ રેકેટ આંતરરાષ્ટ્રીય છે કે નહીં તેની પણ તપાસ થશે. મુંબઈથી મટિરિયલ લાવી મુંબઈ સહિતના વિસ્તારમાં ડ્રગ્સ મોકલાતું હતું આખી ગેંગ અને ડ્રગ્સ સપ્લાય, પેડલર, ઉત્પાદક અને વેચાણ કર્તાઓની લિંક જોડાયેલી હતી. સમગ્ર ડ્રગ્સ રેકેટમાં કોણ કોણ જોડાયેલા છે, તેની તપાસ થશે. **ડૉ. લીના પાટીલ,** એસપી, ભરૂચ.

# હિંગોરીયા ગામે જુગાર રમતાં ત્રણ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | રાજપારડી

ઝઘડિયા તાલુકાના હીંગોરીયા ગામના બસ સ્ટેન્ડની સામે આવેલ ગૌચરની ખુલ્લી જગ્યામા ચાલતા જુગાર પર પોલીસે રેડ કરી જુગાર રમતા અમિશ વસાવા, મુકેશ વસાવા અને સુકલાલ વસાવાના ઝડપાયા હતા, જ્યારે આશીષ વસાવા તેમજ પ્રકાશ વસાવાના પોલીસની રેઈડ જોઈને નાશી છુટ્યા હતા. પોલીસે કુલ 1.05નો મુદ્દામાલ કબ્જે લઈને વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 21/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

# ભરૂચમાં પોલીસકર્મીએ જીવના જોખમે નર્મદા મૈયા બ્રિજ ઉપર લટકી પડેલી મહિલાને બચાવી

**ત્રણ મહિનાથી સાસરીમાં ઘરકંકાસના કારણે પિયરે આવેલી મહિલા પરિવાર પર બોજ બનવા માંગતી ન હોવાથી નદીમાં કૂદી રહી હતી**



ભરૂચઃ ભરૂચમાં જાંબાઝ પોલીસકર્મીએ પોતાના જીવના જોખમે નર્મદા મૈયા બ્રિજ ઉપર લટકી પડેલી મહિલાને બચાવી લીધી હતી. મહિલા આત્મહત્યા કરવાના ઈરાદે નર્મદા બ્રિજ ઉપર આવી હતી. જે રેલિંગ ઉપર ચઢી ભયજનક સપાટીથી ઉપર વહેતી નર્મદાના ધસમસતા પ્રવાહમાં સમાવા જઈ રહી હતી, ત્યાં અચાનક સી ડિવિઝન પોલીસ આવી પહોંચી હતી. ASI શૈલેષ ગોરધનભાઈ નાઈની નજર આ મહિલા ઉપર પડતાં તેમણે બ્રિજની પેરાપેટ વોલ કૂદી ફૂટપાથ ઉપર પહોંચી ગયા હતા. આ દરમિયાન મહિલાએ છલાંગ લગાવી દીધી હતી. જે નદીમાં પડે તે પહેલા જ

## મહિલા ઘરકંકાસથી ડિપ્રેશનમાં હતી

પોલીસે મહિલાને સઘન પૂછપરછ કરતાં તે આમોદની વતની હોવાનું અને એક વર્ષ અગાઉ લગ્ન નેત્રંગ તાલુકામાં થયાં હતાં. લગભગ ત્રણ મહિનાથી ચાલી રહેલા ઘરકંકાસના કારણે તે પિયર આમોદ ખાતે ચાલી આવી હતી. આવી વિષમ પરિસ્થિતિમાં પરિવાર અને તેનો પતિ બંનેને બોજમુક્ત કરવા માટે આત્મહત્યા કરવાનું મન બનાવ્યું હતું. જેને પોલીસે બચાવી લેવાનું કાર્ય કર્યું. મહિલાને બચાવ્યા બાદ કામગીરીથી સંતોષ ન માનીને ડિપ્રેશનનો સામનો કરી રહેલી મહિલાનું કાઉન્સેલિંગ કરાયું હતું. મહિલાના કહેવાથી માતા-પિતાનો સંપર્ક કરી સોંપી હતી.

છે, તેમાં સંજોગોમાં એક પાઈપના સહારે લટકતી મહિલાને ૫૫ વર્ષીય ASI શૈલેષ નાઈએ પકડી રાખી હતી. એક સમયે ASI પણ નદીમાં પડી જાય તેવી સ્થિતિ સર્જાઈ હતી

અત્રે ઉલ્લેખનીય એ છે કે, નર્મદા નદીમાં ધસમસતા પાણીમાં કોઈ અજુગતી ઘટના ન બને એ માટે ભરૂચ જિલ્લા SP ડો.લીના પાટીલ દ્વારા ભરૂચ સિટી સી ડિવિઝન પોલીસે ના

# જન્માષ્ટમી પર્વે જંબુસર તાલુકામાં 4 જગ્યાએ જુગાર રમનારા 31 ઝડપાયા

## રૂ.૧.૩૮ લાખનો મુદ્દામાલ કબજે, ત્રણ જુગારી ભાગી છૂટ્યા

ભરૂચ, જંબુસર: જંબુસર તાલુકાના ચાર જગ્યાએ જન્માષ્ટમીના દિને ૩૧ જુગારી જુગાર રમતા આબાદ ઝડપાઈ ગયા હતા. જંબુસર તાલુકાની પોલીસે રેડ કરતાં ત્રણ ઈસમ ભાગી છૂટ્યા હતા. જંબુસર તાલુકાના કહાનવા ગામે દિવસ દરમિયાન વડ તલાવ પાસે ખુલ્લા ખેતરમાં કેટલાક જુગારીઓ હારજીતનો પત્તા-પાનાંનો જુગાર રમતા હોય ત્યારે વેડચ પોલીસે ઘટના સ્થળે છાપો મારતાં ચાર પાસેથી કુલ રૂ.૧૧૮૮૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા. જ્યારે બે ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા.

જ્યારે બીજા બનાવમાં પીલુદરા ગામે ગોકુળિયા વગામાં વેડચ પોલીસે રાત્રિના સમયે રેડ પાડતાં ચાર રૂ.૩૪૭૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા. જ્યારે એક ભાગી છૂટ્યો હતો. તેમજ પીલુદરા ગામના વચલી કુંડી ફળિયામાં રાત્રિના સમયે જુગાર ચાલતો હોવાથી વેડચ પોલીસે રેડ કરતાં ૩ રૂ.૧૦૯૮૦ના મુદ્દામાલ સાથે વેડચ પોલીસે ઝડપાયા હતા.

તેમજ કાછિયાવાડમાં પોલીસે રેડ કરતાં વીસ જુગારીને રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે દાવ પરના રૂ.૧૬૩૬૦, ઝડપાયેલા જુગારીઓના પગ પાસેથી રૂ.૪૭૮૫૦, ૧૨ મોબાઈલ કિંમત રૂ.૪૭૫૦૦ મળી કુલ રૂ.૧,૧૧,૭૧૦ના મુદ્દામાલ કબજે કરીને જુગારધારા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ત્રણ ગામમાં ચાર જગ્યાએ જુગાર રમતા જન્માષ્ટમીના દિને રૂ.૧,૩૮,૦૪૦ જુગાર રમતા ઝડપાઈ ગયા હતા.

**DATE: 21/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# નેત્રંગના શાંતિનગર-આટખોલમાં જુગાર રમતા 17 ખેલી ઝડપાયા

**3.57 લાખનો મુદ્દામાલ કબજે કરાયો, ઝડપાયેલા જુગારીઓમાં સુરતના આરોપીનો પણ સમાવેશ**

નેત્રંગ: નેત્રંગ નગર તેમજ આટખોલમાં શ્રાવણીયો જુગાર રમતા 17 જુગારીને રૂ.3,૫૭,૧૧૫ના મુદ્દામાલ સાથે ઝડપી લેવાયા હતા.

આટખોલના પટેલ ફળિયામાં શામજી લાલજી પટેલ પોતાના મકાનમાં પત્તાપાનાનો હારજીતનો જુગાર રમાડતો હોવાની બાતમીના આધારે પોલીસે રાત્રે છાપો માર્યો હતો. જ્યાંથી (૧) શામજી લાલજી જાદવ પટેલ, (૨) જયેશ ઉર્ફે જયલો ગોપાલ ખીમજી ડોબરિયા, (3) જમન ગાંગજી પોપટ ડોબરિયા, (૪) રામજી ગાંગજી પોપટ ડોબરિયા, (૫) રાકેશ સામાજિક લાલજી પટેલ, (૬) વિરલ રામજી ગોવિંદ ભાલાળા, (૭) અશોક ગોવિંદ અકકા રાજાણી, (૮) રજનીક જેઠા બાવા ઉઘાડ (તમામ રહે., આટખોલ), (૯) જમન બાવા ચંકુ ઉપાડ (રહે.,એલ.એચ.રોડ, રંગ અવધૂત સોસા., સુરત, (૧૦) દિનેશ વિઠ્ઠલ શંભુ રાખોલીયા (રહે., સુંદરબાગ સોસાયટી હાઉસ, પુણા ગામ, સુરત), (૧૧) અનિલ ચંદુ વલ્લભ પટોળીયા (રહે., ગીતાંજલિ સો. હાઉસ,વાલક પાટિયા, લસકાણા, સુરત)ની અંગજડતી લેતાં રોકડા રૂ.૯3૦૦૫, દાવ પરના રોકડા રૂ,૮૨૫૦ મળી કુલ રોકડા ૧,૦૧,૨૫૫, મોબાઇલ નંગ-૧૦ કિ.રૂ.3૪,૦૦૦, બાઇક નંગ-૪ કિ.,૧,૮૫૦૦૦ સહિત અન્ય ચીજવસ્તુ મળી કુલ 3,૨૧,૦૦૫નો મુદ્દામાલ મળી આવ્યો હતો.

જ્યારે નેત્રંગ નગરના શાંતિનગર વિસ્તારમાં વિજય ભગવાન માછીના ઘરે છાપો મારી (૧) અરબાઝ મહેબુબ સીરાજુદ્દીન શેખ, (૨) રણછોડ ચંદુ ઢેઢિયા વસાવા, (3) ફકીર મહંમદ મહેબૂબ મહંમદ રસુલ ગરાસિયા, (૪) રવીન ચંદુ વસાવા, (૫) મહંમદ રફીક મહંમદ હનીફ શેખ, (૬) વિજય ભગવાન રામા માછી (તમામ રહે.,નેત્રંગ)ની અંગજડતીના રૂ.૧3૬૯૦, દાવ પરના રોકડા રૂ.૨૪૨૦ કુલ રોકડા રૂ.૧3,૧૨૦, મોબાઇલ નંગ-૬ કિંમત ૨૦,૦૦૦ મળી કુલ રૂ,3૬,૧૧૦ના મુદ્દામાલ સાથે 6 આરોપી મળી કુલ ૧૭ આરોપી સામે કાર્યવાહી કરાઈ હતી.

# ભરૂચની પંચવટી સોસા.માંથી શ્રાવણિયો જુગાર ઝડપાયો

। ભરૂચ ।

ભરૂચ નગરની પંચવટી સોસાયટી ખાતે શ્રાવણીયો જુગાર એ.ડીવીઝન પોલીસે ઝડપી પાડયો હતો. રૂા.૧.૨૯ લાખના મુદ્દા માલ સાથે ૪ આરોપીઓ ઝડપાયા હતા.

જિલ્લા પોલીસવડા ડો.લીના પાટીલના માર્ગદર્શન હેઠળ ભરૂચ સીટી પોલીસ એ.ડીવીઝનના ઈ. ચા.પીઆઈ ડી.પી.ઉનડકટ તેમજ પીએસઆઈ આર.કે.ધુળકર અને તેમની ટીમ દ્વારા મળેલ બાતમીના આધારે કામગીરી કરતા પંચવટી સોસાયટી વિસ્તારમાં શ્રાવણીયો જુગાર રમતા ૪ જુગારીયાઆને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડયા હતા. ઝડપાયેલ મુદ્દામાલમાં અંગઝડતીના તથા દાવ પરના રોકડા રૂા.૫૩ હજાર, મોબાઈલ નંગ ૪ કિંમત રૂા.૧૮૦૦૦, મોટરસાયકલ નંગ ૨ કિંમત રૂા.૫૫ હજાર મળી કુલ મુદામાલ રૂા.૧.૨૯ લાખ પોલીસે જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

**DATE: 21/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–12**

# ઝઘડિયા તા.માં ૩ સ્થળોએથી ૧૧ જુગારીયા ઝડપી પાડ્યા

ઝઘડિયા : ઝઘડિયા તાલુકામાં જુગારની અલગઅલગ ત્રણ ઘટનાઓમાં પોલીસે કુલ ૧૧ જુગારીયાઓને ઝડપી લીધા હતા. આને લઈને જુગાર રમતા ઈસમોમાં નાસભાગ થવા પામી હતી.

જુગારની પ્રથમ ઘટનામાં ઝઘડિયા પોલીસે ગોવાલી ગામે મોટા ફળિયા પાસે આવેલ તળાવ નજીક જાહેરમાં જુગાર રમતા પાંચ ઈસમોને ઝડપી લીધા હતા. જ્યારે બીજી ઘટનામાં તાલુકાના હરિપુરા ગામેથી ઉમલ્લા પોલીસે ત્રણ ઈસમોને જુગાર રમતા ઝડપી લીધા હતા જ્યારે બીજા કેટલાક ઈસમો પોલીસને જોઈને ભાગી ગયા હતા. જુગારની ત્રીજી ઘટનામાં ઉમલ્લા પોલીસે પાણેથા ગામે એક ઘરના વાડામાં ખુલ્લી જગ્યામાં બેસીને જુગાર રમતા ત્રણ ઈસમોને ઝડપી લીધા હતા. પોલીસે જુગાર રમતા ઝડપાયેલા આ તમામ જુગારિયાઓ પાસેથી જુગાર રમવાના સાધનો તેમજ રોકડ રકમનો મુદ્દામાલ કબજે લઈને કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### સ્થળ પર થી 21 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત

# જીતાલી ગામમાં જુગાર રમતા 4 ખેલી ઝડપાયા

### ખુલ્લી કોતરમાં જુગારની મહેફીલ જમાવી હતી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા પોલીસે જીતાલી ગામ ખુલ્લી કોતર માં જુગાર રમતા 4 ખેલી ઝડપાયા ગયા હતા. જ્યારે 1 ફરાર થઈ ગયો હતો. પોલીસે સ્થળ પર થી 3 મોબાઈલ અને 14.600 રોકડા મળી 21 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અંકલેશ્વર તાલુકા પોલીસ એ ચોક્કસ માહિતી આધારે અંકલેશ્વર જીતાલી ગામ ખાતે બેલ કંપની એ ઉભા કરાયેલા વન વિસ્તાર પાછળ ખુલ્લા માં કોતરોમાં ચાલતા જુગારના અડ્ડા પર દરોડા પાડ્યા હતા જ્યાં જુગાર રમતા સાહિલ ફારૂક મલેક. ગુલામ મુસ્તુફા મલેક ,ઈરફાન યાકુબ બકાલી અને અબ્દુલ ગની અબ્દુલ રસીદ શેખને ઝડપી પાડયા હતા જયારે ઈરફાન હોટલ વાલા નામનો હાંસોટ નો ઈસમો ફરાર થઈ ગયો હતો. પોલીસ અંગઝડતી અને દાવ પર લાગેલા રોકડા 14680 રૂપિયા તેમજ 3 મોબાઈલ મળી કુલ 21,180 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ તમામ જુગારીઓ ને જેલભેગા કર્યા હતા.

### પોલીસે કુલ રૂ.56 હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કર્યો

# અંકલેશ્વરમાં 3 સ્થળે શ્રાવણિયો જુગાર ઝડપાયો, 12ની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર GIDC પોલીસે બે અલગ અલગ સ્થળોએ રેઈડ કરીને સાત જુગારીઓને ઝડપી પાડ્યા હતાં. પોલીસે તેમની પાસેથી કુલ રૂ.56,420 નો મુદ્દામાલ જપ્ત કરીને જુગારધારા હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સાતમ-આઠમ આવે એટલે જુગાર રમવા વાળાને ખેલી ઓ ગેલમાં આવી જતાં હોય છે. અનેક સ્થળોએ એકત્ર થઈને જુગાર રમતા હોય છે. પરંતુ અમુક સ્થળોએ પોલીસની એન્ટ્રી થતાં ખેલીઓના ખેલમાં ભંગ પડતો હોય છે. ત્યારે આવો જ કિસ્સો અંકલેશ્વર જીઆઈડીસીમાં બન્યા હતા. જેમાં પોલીસે બે અલગ અલગ સ્થળો રેડ કરીને સાત જુગારીઓને ઝડપી પાડ્યા છે. જેમાં અંકલેશ્વર GIDC પીઆઈ આર.એન. કરમટીયા અને સ્ટાફને બાતમી મળી હતી કે, સીટી સેન્ટર કોમ્પલેક્ષમાં આવેલ દુ.નં- એ- 202 રાજ એન્ટરપ્રાઈઝ નામની ઓફિસમાં કેટલાક ઈસમો જુગાર રમે છે. આ સ્થળે પોલીસે રેઈડ કરતા ત્રણ ઈસમો ને રોકડા રૂ. 42,100 સાથે ઝડપી પાડ્યા હતા. જ્યારે બીજા બનાવમાં જી.આઈ.ડી.સી વિસ્તારમાં આવેલી SPC લાઈફ સાયન્સ કંપની સામે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોવાની માહિતી મળી હતી. પોલીસે માહિતીવાળા સ્થળ પર રેઈડ કરતા ચાર ઈસમોને રોકડા રૂપિયા 14,320ના મુદ્દામાલ સાથે ઝડપી પાડીને જુગાર ધારા મુજબ ગુનો દાખલ કર્યો છે. પોલીસે જુગાર રમતા બંને દરોડામાં રસિક નાનુ પાનસુરીયા, ગોવિંદ હાથીયા ભેડા, પ્રદીપ કરશન પટેલ, દિલીપકુમાર ભોગીલાલ યાદવ, રવિન્દ્ર મોતીલાલ નિશાદ સંતોષ રામપ્રકાશ વિશ્વકર્મા, પ્રહલાદ ગેમરસિંગ પરમારની ધરપકડ કરી હતી.